DISCLAIMER: The translated Judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલપાત્ર

ભારતની સર્વોચ્ચ અદાલતમાં – ફોજદારી એપેલેટ અધિકારક્ષેત્ર

ફોજદારી અપીલ ક્રમાંક – ૧૩૫૯–૧૩૬૧/ ૨૦૦૭

ગુજરાત રાજ્ય..... અપીલકર્તા(ઓ):

વિરુદ્ધઃ

અનવર ઉસ્માન સુમ્ભાનિયા અને બીજાઓ. ..... આરોપી(ઓ)

ચુકા દો

એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિ

૧. આતંકવાદી અને વિઘટનકારી પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ (ટૂંકમાં "ટા.ડા.".) ની કલમ ૧૯ હેઠળ દાખલ કરવામાં આવેલી હાલની અપીલો, જામનગરના નિયુક્ત ન્યાયાધીશ દ્વારા વિશેષ ટા.ડા. ના દાવામાં ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ પસાર કરવામાં આવેલા અંતિમ ચુકાદા અને આદેશની વિરુદ્ધ છે. કેસ નં. ૩/૧૯૯૪, ૩/૧૯૯૭ અને ૧/૨૦૦૫, જેમાં આરોપીઓને જણાવેલા ગુનાઓમાં દોષિત ન ઠેરવ્યા પછી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

૨. આરોપીઓ સામે – ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪ સાથે વાંચતા કલમ ૧૨૧,૧૨૧–એ, ૧૨૨ મુજબ – ટા.ડા. ની કલમ ૩,૪ અને ૫, – શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ ૨૫(૧)(એ)(ડી), ૨૫(૧–એએ), ૨૫ (૧–બી) (એ–બી–એફ–જી), કલમ ૨૭(૧), ૨૯(એ) (ટૂંકમાં"૧૯૫૯નો અધિનિયમ"),

ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ,૧૮૮૫ની કલમ–૨૦ (ટૂંકમાં"૧૮૮૫ નો અધિનિયમ") અને ભારતીય વાયરલેસ અધિનિયમ, ૧૯૩૩ની કલમ ૬ (૧–એ) (ટૂંકમાં"૧૯૩૩ નો અધિનિયમ") હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓ માટે અલગ આરોપપત્રો દાખલ કરવામાં આવ્યા હતા. આરોપીઓ પર ઉપરોક્ત ગુનાઓ માટે વિશેષ ટા.ડા. કેસ નં. ૩/૧૯૯૪, ૩/૧૯૯૭ અને ૧/૨૦૦૫ મુજબ જામનગર ખાતેની વિશેષ અદાલત સમક્ષ કેસ ચલાવવામાં આવ્યો હતો. જે પછી જામનગર ખાતે નિયુક્ત ન્યાયાધીશની અદાલતમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી. ત્રણેય આરોપપત્રો એક જ ગુનાના સંબંધમાં હોવાથી અને પુરાવોના પુનરાવર્તનને ટાળવા માટે, વિશેષ ટા.ડા. કેસ નં. ૩/૧૯૯૪ માં તમામ કેસો માટે એકીકૃત પુરાવા નોંધવામાં આવ્યા હતા.

૩. બકુલ વિઠ્ઠલભાઈ જાની (ફ.પ.સા.નં.–૬) દ્વારા ફરિયાદ (આંક ૨૭–એ) દાખલ કરવામાં આવી હતી, જે માહિતીના આધારે આરોપી નં. ૧ – અનવર ઉસ્માન સુભાનિયા, રહેવાસી– ૩, સલાયા બારલોવાસ, હુસૈની ચોક "હાસ્મી મંઝિલ" પાસે તેના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે વિદેશી બનાવટના હથિયારો નો કબજો ધરાવતા હતા. દરોડા પાડનાર પક્ષ, પૂર્વ મંજૂરી (આંક–૩૦) મેળવ્યા પછી ઓફ પ્રમોદ કુમાર ઝા, ડી.એસ.પી. (ફ.પ.સા.નં.–૧૫), સર્ચ વોરંટ સાથે આગળ વધ્યા અને દરોડા પાડનાર પક્ષ દ્વારા આરોપી નં.–૧ ના રહેણાંક મકાનની તપાસ હાથ ધરવામાં આવેલી નીચેની વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી:

(i) એક–વિદેશી બનાવટની કાર્બાઇન બંદૂક – મેગઝીન સાથે,
જેની કિંમત રૂ. ૨ લાખ છે.

(ii) એક–વિદેશી બનાવટની રિવોલ્વર – ૮ ચેમ્બરો સાથે – જેની કિંમત ૩. ૬૦,૦૦૦/– છે.

(iii) એક–વિદેશી બનાવટની રિવોલ્વર – ૮ ચેમ્બરો સાથે –જેની કિંમત ૩. ૭૫,૦૦૦/ છે.

(iv) એક–ટ્રાન્સમીટર વોકી ટોકી સેટ, જેની કિંમત ૩.૧ લાખ થાય છે.

(v) ૯ મી.મી.ની સ્ટેન ગન (બંદુકો) ના ૫૨–(બાવન) જીવંત કારતુસો.

(vi) રિવોલ્વરોના ૪ જીવંત કારતુસો.

૪. શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યા પછી, તરત જ ફ.પ.સા.–૬ ની પૂર્વ મૌખિક મંજૂરી મેળવ્યા પછી, આરોપી નં. ૧ સામે માત્ર જણાવેલા ગુનાઓ માટે ગુના ૨જી. નં. –૨૧/૧૯૯૩ દ્વારા એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી હતી અને તા. ૧૮મી જૂન,૧૯૯૩ના રોજ તેની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં, ૨૧મી જૂન,૧૯૯૪ના રોજ આરોપી નં.–૧ ની વિરુધ્ધમા આરોપપત્ર દાખલ કરવામા આવ્યું અને વિશેષ ટા.ડા. કેસ નં. ૩/૧૯૯૪ નોંધવામાં આવ્યો હતો. (તા.) ૩–૯/૧૧–૧૯૯૩ ના રોજ આરોપપત્રની સાથે એ.કે.ટંડન, પોલીસ મહાનિર્દેશક (ફ.પ.સા.–૧૪) પાસેથી ટા.ડા.ની કલમ ૨૦–એ(૨) હેઠળ કાર્યવાહી માટે મંજૂરી (આંક–૮૪)૪ મેળવવામાં આવી હતી. આરોપી નં.–૨, જુનસ હાઝી ઇબ્રાહિમની ૨૦મી માર્ચ, ૧૯૯૭ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને ટા.ડા.ની કલમ–૧૫ હેઠળ તેનું કબૂલાત નિવેદન તા. ૨૫મી માર્ચ, ૧૯૯૭ના રોજ નોંધવામાં આવ્યું હતું, તેમણે જણાવ્યું હતું કે તેમણે આરોપી નં.–૧ ને એક કાર્બાઇન બંદૂક વેચી હતી. આરોપી નં.–૨ વિરુદ્ધ ૬ એપ્રિલ,૧૯૯૭ ના રોજ આરોપપત્ર દાખલ કરવામાં આવ્યું હતું, જ્યાં તેમની સામે નિયુક્ત અદાલત,

જામનગર સમક્ષ વિશેષ ટા.ડા. નો કેસ નં. ૩/૧૯૯૭ નોંધવામાં આવ્યો હતો. (વર્ષ) ૨૦૦૫માં આરોપી નં.–૩ ની ધરપકડ કરવામા આવેલી, જે અન્ય ગુના રજી. નં. ૪૩/૧૯૯૪ મુજબ ટા.ડા.ની કલમ ૩,૪ અને ૫ હેઠળ તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ બી–ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા નોંધવામા આવેલી. આરોપી નં.–૩ ની ધરપકડ અને કસ્ટડી લેવા માટે તેની ધરપકડ પહેલાં જામનગરની ટા.ડા.ની કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવવામાં આવ્યું હતું. આરોપી નં. ૩ વિરુદ્ધ તપાસ પૂર્ણ થયા પછી, તારીખ ૧ એપ્રિલ, ૨૦૦૫. ના રોજ એ. કે. ભાર્ગવની અગાઉથી મંજૂરી મેળવ્યા બાદ (આંક–૫૭) ૨૯મી એપ્રિલ, ૨૦૦૫ના રોજ ટા.ડા.ની કલમ ૨૦–એ(૨) હેઠળ અલગથી આરોપપત્ર દાખલ કરવામાં આવ્યું હતું.

૫. ઉપરોક્ત મુજબ, ત્રણેય અલગ અલગ આરોપપત્રો મુજબ જામનગર ખાતે નિયુક્ત અદાલત સમક્ષ ત્રણ વિશેષ ટા.ડા. ના કેસો નોંધાયેલા હતા, જેમાં કેસ નં.૩/૧૯૯૪, ૩/૧૯૯૭ અને ૧/૨૦૦૫ હતા. નિયુક્ત અદાલતે ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ આરોપીઓ સામે આરોપો ઘડ્યા હતા, જેમાં તેઓએ દોષિત ન હોવાનું કબૂલ્યું હતું અને કથિત ગુના માટે તેઅો કેસ ચલાવવા માગતા હતા. ફરિયાદ પક્ષે – ૧૫ સાક્ષીઓની તપાસ કરી હતી અને કેસના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. આરોપીઓએ કોઈ બચાવ સાક્ષી રજૂ કર્યો ન હતો. નિયુક્ત અદાલત પછી સામાવાળાની દલીલો પર વિચાર કરવા કરેલો અને વિચારણા માટે નીચેના મુદ્દાઓ તૈયાર કર્યાઃ

"૧) શું ફરિયાદી પક્ષ વાજબી શંકાની બહાર સાબિત કરે છે કે આરોપી ભારત સરકાર

સામે યુદ્ધ કરવાના દષ્ટિકોણ સાથે, એકબીજાને મદદ કરીને અને એકબીજા સાથે જોડાઈને, તેમના સામાન્ય હેતુને આગળ વધારવા માટે, અગાઉથી કાવતરું ગોઠવીને શસ્ત્રો એકત્રિત કરવા માટે અગાઉથી તૈયારી કરે છે અને તે કાવતરાના ભાગ રૂપે, તા. ૧૮–૦૬–૧૯૯૩ ના ૧૦: ૦૦ કલાક પહેલાં કોઈપણ સમયે સબ–મશીન ગન, રિવોલ્વર અને કારતુસ તેથા બિન–ટેલિફોનિક સંદેશ માટે વૉકી ટોકી સેટ લાવ્યા અને તેને આરોપી નં. ૧ અનવર ઉસ્માન સુભાનિયા ના ઘરમાં રાખેલા ?

૨) શું ફરિયાદી પક્ષ વાજબી શંકાની બહાર સાબિત કરે છે કે આરોપીઓ સમાન ગુના સાથે સંબંધ ધરાવે છે, મુદ્દા નં. ૧ માં જણાવ્યા મુજબ તેમના સામાન્ય હેતુને આગળ વધારવા માટે, તા. ૧૮–૦૬–૧૯૯૩ પહેલા કોઈપણ સમયે, આરોપી નં.૧ અનવર ઉસ્માન સુમ્ભાનિયા તેમના રહેણાંક મકાનમાંથી એક ઈજિપ્તની સ્વ–સંચાલિત સબ મશીન ગન અને ૦.૨૨ કેલિબર રિવોલ્વર જર્મનીની બનાવેલી અને ૦.૮ કેલિબર અમેરિકન નિર્મિત રિવોલ્વર અને સ્ટેન ગન અને રિવોલ્વર કારતુસ અને ટ્રાન્સ–મીટર વોકી ટોકી સેટ મળી આવેલ ?

૩) શું ફરિયાદી પક્ષ વાજબી શંકાથી પર રહીને સાબિત કરે છે કે, તે એસ.ટી.ડી.–પી.સી.ઓ. પાસેથી સલાયા પોર્ટ રોડ પર તા. ૨૯/૦૭/૧૯૯૩ ના રોજ કલાક ૨૧:૪૫ થી ૨૩:૪૫ દરમિયાન સમાન ગુનાના સંબંધમાં આરોપી નં.૧ પાસેથી લાઇસન્સ વિનાનો વાયરલેસ સેટ મળી આવ્યો હતો ?

૪) શું ફરિયાદી પક્ષ વાજબી શંકાથી પર સાબિત કરે છે કે સમાન ગુનાના સંબંધમાં, આરોપી વિદેશથી ઉપરોક્ત મુદ્દામાલ સબ–મશીન ગન, રિવોલ્વર અને કારતુસ લાઇસન્સ વિના લાવ્યો હતો અને તે આરોપી નં. ૧ ના સભાન કબજામાથી મળી આવેલ ?

૫) શું ફરિયાદી પક્ષ વાજબી શંકાથી પર સાબિત કરે છે કે એક જ ગુનાના સંબંધમાં, આરોપીએ તા.૧૮–૬–૧૯૯૩ પહેલાં કોઈપણ સમયે જાપાનમા બનેલા બે ટ્રાન્સ–મીટર, વાયર–લેસ સેટ ઉપરોક્ત મુદ્દામાલ લાઇસન્સ વિના વિદેશમાથી ભારતમાં લાવ્યા હતા અને સામાન્ય અને ગુનાહિત હેતુ સાથે પરસ્પર વિનિમય કર્યો હતો અને તે આરોપી નં.–૧ ના એસ.ટી.ડી.–પી.સી.ઓ. અને રહેણાંક મકાનમાંથી તેના સભાન કબ્જા હેઠળ તે મળી આવેલા ?

૬) આરોપીઓમાંથી કોને દોષિત ઠેરવી શકાય અને કયા ગુના માટે?

૭) શું હુકમ ?"

૬. તેમ છતાં સંજ્ઞાન લેતા પહેલા, કલમ ૨૦–એ(૧) હેઠળ એફ.આઇ.આર.ની નોંધણી પહેલાં પૂર્વ **મંજૂરી(એપ્રુવલ)**ની માન્યતા અથવા ટા.ડા.ની કલમ ૨૦–એ(૨) હેઠળ પૂર્વ **બહાલી(સેંકશન)**ની માન્યતા અંગે કોઈ સમસ્યા નથી. નિયુક્ત અદાલતે શરૂઆતમાં ઉપરોક્ત મુદ્દાઓનો જવાબ આપવા માટે એવો અભિપ્રાય આપ્યો કે ટા.ડા. ની કલમ ૨૦–એ(૧) હેઠળની પૂર્વ મંજૂરી(એપ્રુવલ) અને ટા.ડા.ની કલમ ૨૦–એ(૨) હેઠળની પૂર્વ બહાલી (સેંકશન), આ બન્ને જણાવેલી જોગવાઈઓના આદેશને અનુરૂપ ન હતી. તેથી, નિયુક્ત અદાલતે એવું માન્યું હતું કે કથિત ગુનાઓ માટે આરોપીઓ સામે વધુ કાર્યવાહી કરી શકાતી નથી. નિયુક્ત અદાલતને "પૂર્વ મંજૂરી" અને "પૂર્વ બહાલી" ની ગેરકાયદેસરતા વિશે સંપૂર્ણ ખાતરી હોવા છતાં, તેણે રેકોર્ડ પરના પુરાવોને પણ સમર્થન આપ્યું હતું અને અવલોકન કર્યું હતું કે આરોપીઓ સામે અપરાધના તારણને રેકોર્ડ કરવા માટે કોઈ કાનૂની પુરાવો નથી. કારણ કે, ટા.ડા.ની જોગવાઈઓ હેઠળ કથિત રીતે નોંધાયેલ કબૂલાત નિવેદનને જોઈ શકાતું નથી. ટા.ડા. હેઠળ કાર્યવાહી કરવા માટે માન્ય મંજૂરીના અભાવને કારણે ફરિયાદી પક્ષ નિષ્ફળ જાય તે પછી તે સ્વીકાર્ય રહેશે નહીં. વધુમાં, તપાસ અને જપ્તીની પ્રક્રિયા પણ ગેરકાયદેસરતાઓથી ભરેલી હતી. તેથી રચાયેલ અદાલતે આરોપીઓને નિર્દોષ જાહેર કરીને તેમને જણાવેલા ગુનાઓ માટે દોષિત **નહી** /નિર્દોષ ઠેરવી અને પરિણામે આરોપી નં. ૩/આરોપી નં. ૩ કે જે કાચા કામના કેદી તરીકે ન્યાયિક કસ્ટડીમાં હતો તેને અન્ય કોઈ કેસમાં જરૂરી ન હોય તો છોડી મુકવાનો આદેશ કરેલો. આરોપી નં. ૧ અને

૨/આરોપી નંબર. ૧ અને ૨ ના જામીન બોન્ડ ને રદ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

૭. નિયુક્ત અદાલતનો આ નિર્ણય રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલી આ અપીલમાં પડકારનો વિષય છે. અપીલકર્તાના જણાવ્યા અનુસાર, નિયુક્ત અદાલતે ટા.ડા.ની કલમ ૨૦–એ(૧) હેઠળ જણાવેલા ગુનાઓ માટે એફ.આઇ.આર.ની નોંધણી પહેલાં કોઈ માન્ય પૂર્વ મંજૂરી ન મેળવવાના નિષ્કર્ષમાં સ્પષ્ટ ભૂલ કરી હતી. જોકે, આ અભિપ્રાય આ અદાલતના નિર્ણય પર આધારિત હતો, જે હવે સારો કાયદો નથી રહ્યો. હવે તે સારી રીતે નક્કી થઈ ગયું છે કે અગાઉની મૌખિક મંજૂરીને પણ ટા.ડા. ની કલમ ૨૦–એ(૧) ના અર્થમાં માન્ય મંજૂરી તરીકે ગણી શકાય, જો કે તે સંદર્ભમાં સમકાલીન રેકોર્ડ દ્વારા સમર્થિત ઔપચારિક લેખિત મંજૂરી દ્વારા તેને અનુસરવામાં આવેલ છે. એ.કે.ટંડન (ફ.પ.સા.–૧૪) દ્વારા આપવામાં આવેલી પૂર્વ બહાલીના સંદર્ભમાં, તે સાબિત કરવા માટે પૂરતી સામગ્રી રેકોર્ડ પર હતી કે તેમણે સંબંધિત પાસાઓની યોગ્ય વિચારણા કર્યા પછી મંજૂરી(આંક–૮૪) આપી હતી અને તે વિચાર્યા વિનાની બાબત ન હતી. તેવી જ રીતે, આરોપી નંબર–૩ ના સંદર્ભમાં એ.કે. ભાર્ગવ દ્વારા આપવામાં આવેલી પૂર્વ બહાલી (આંક–૫૭), તેમના દ્વારા યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવેલી સંબંધિત સામગ્રી દ્વારા પણ સમર્થિત છે, કે જે રઘુવીરસિંહ સુરુભા ચુડાસમા, નાયબ એસ.પી. (ફ.પ.સા.–૧૩) અને યશોધર રામચંદ્ર વૈદ્ય (ફ.પ.સા.–૧૦) ના પુરાવાથી સ્પષ્ટ થયેલ છે. નિયુક્ત અદાલતનો અભિપ્રાય કે આ બહાલી આદેશ પણ વિચાર્યા વિના કરેલા કાર્યના

દૂષણોથી પીડાય છે તે સ્પષ્ટ રીતે ખોટું છે. વૈકલ્પિક રીતે એવી દલીલ કરવામાં આવે છે કે જો નિયુક્ત અદાલતે એવો નિષ્કર્ષ કાઢ્યો હોય કે આરોપીઓની કાર્યવાહીને માન્ય મંજૂરી અથવા માન્ય બહાલીના અભાવને કારણે નુકસાન થયું છે, તો પણ તે ગુણદોષના આધારે કેસના અન્ય પાસાઓ પર વિસ્તૃત થવો જોઈએ નહીં કારણ કે આવી પરિસ્થિતિમાં નિયુક્ત અદાલત પાસે એકમાત્ર વિકલ્પ એ રહેશે કે ટા.ડા. ની કલમ ૧૮ હેઠળ કેસને નિયમિત અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવે. કોઈ પણ સંજોગોમાં, નિયુક્ત અદાલત આરોપીઓ/આરોપીઓને નિર્દોષ જાહેર કરી શકી ન હોત. તેના બદલે, તે ફરિયાદી પક્ષને રામનાથ ગઢવી અને અન્ય વિ. ગુજરાત રાજ્ય {૧(૧૯૯૭)૭ એસ.સી.સી.૭૭૪}ના કેસમાં આ અદાલતના નિર્ણયના ફકરા–૨૦ માં આપેલા આદેશ મુજબ માન્ય બહાલી સાથે નવેસરથી કાર્યવાહી શરૂ કરવાની તક આપી શકતી હતી. જો ફરિયાદી પક્ષ તે વિકલ્પનો લાભ લેવા માટે ઇચ્છુક ન હોત, તો ઉપરોક્ત નિયુક્ત અદાલતે ટા.ડા.ની કલમ–૧૮ હેઠળ અન્ય ગુનાઓની સુનાવણી માટે સંહિતા હેઠળ અધિકારક્ષેત્ર ધરાવતી નિયમિત અદાલતમાં કેસ ટ્રાન્સફર કરવા માટે સત્તાઓનો ઉપયોગ કરવો જોઈતો હતો.

ઉપરોક્ત રજૂઆતને સમર્થન આપવા માટે નીચેના કેસો,

અહમદ ઉમર સઈદ શેખ –વિરુદ્ધ – યુ.પી.રાજ્ય (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૬૧),

હર્પાલ સિંહ – વિરુદ્ધ – પંજાબ રાજ્ય, (૨૦૦૭)૧૩ એસ.સી.સી.૩૮૭ – અને–

પ્રકાશ કુમાર ઉર્ફે પ્રકાશ ભુટ્ટો – વિરુદ્ધ– ગુજરાત રાજ્ય (૨૦૦૫) ૨ એસ.સી.સી.૪૦૯)

કેસમાં આ અદાલતના નિર્ણયો પર આધાર રાખવામાં આવ્યો છે.

૮. બીજી તરફ આરોપીઓએ તેમને નિર્દોષ જાહેર કરવા માટે નિયુક્ત

અદાલતના અંતિમ અભિપ્રાયને ટેકો આપ્યો છે. મૌખિક મંજૂરી પછી લેખિત મંજૂરી પર આધારિત ટા.ડા.ની કલમ ૨૦–એ(૧) હેઠળ પૂર્વ મંજૂરીની માન્યતાના સંદર્ભમાં, આરોપીઓ માટેના વિદ્વાન વકીલે, તમામ નિષ્પક્ષતામાં રજૂઆત કરી હતી કે આ અદાલતની ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠે આંધ્રપ્રદેશ રાજ્ય – વિરુદ્ધ – એ.સત્યનારાયણ અને અન્ય. {(૨૦૦૧) ૧૦ એસ.સી.સી.–૫૯૭} આ ક્ષેત્ર ધરાવે છે. પરિણામે, આ અદાલત માટે તે પ્રશ્નની તપાસ કરવી જરૂરી ન હોઈ શકે અને તેના બદલે તે ટા.ડા. હેઠળ સજા પામેલા ગુનાઓ માટે એફ.આઇ.આર.ની નોંધણી પહેલાં વર્તમાન કેસમાં માન્ય પૂર્વ મંજૂરી આપવામાં આવી હતી તેના આધારે આગળ વધી શકે છે. જો કે, તેમણે દલીલ કરી હતી કે નિયુક્ત અદાલત દ્વારા આ નિષ્કર્ષ પર પહોંચવામાં કોઈ ખામી શોધી શકાતી નથી કે વર્તમાન કેસમાં ટા.ડા. ની કલમ ૨૦–એ(૨) હેઠળ આપવામાં આવેલી પૂર્વ મંજૂરી બુધ્ધીનો ઉપયોગ ન કરવાના દોષથી પીડાય છે અને ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધાયેલ તારણ એ સંભવિત મત છે જે તે સંબંધમાં રેકોર્ડ પરના પુરાવોના યોગ્ય વિશ્લેષણ પછી વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમણે ગઢવીના કેસમાં (ઉપરોક્ત) આ અદાલતના નિર્ણય પર આધાર રાખ્યો છે, કે જેમા એ.કે.ટંડન (ફ.પ.સા.–૧૪) દ્વારા અન્ય એક ટા.ડા.ના કેસ માં સમાન બહાલી જારી કરાયેલ છે, કે જે તેમના અધિકારક્ષેત્ર હેઠળ ખંભાળિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો કેસ હતો તે રદ કરવામાં આવ્યો છે. કોર્ટે આ અધિકારી [એ. કે. ટંડન (ફ.પ.સા.–૧૪)] ના અભિગમ અંગે સખત અસંમતિ વ્યક્ત કરી હતી, જે ટા.ડા. ની કલમ ૨૦–એ(૨) હેઠળ બહાલી આપતા પહેલા મહત્વપૂર્ણ અને નિર્ણાયક પાસાઓના સંદર્ભમાં <u>બુધ્ધીના અલ્પ ઉપયોગ/યોગ્ય વિચારણાના</u>

અભાવને પ્રતિબિંબિત કરે છે. એવી દલીલ કરવામાં આવે છે કે તે કિસ્સામાં પણ મંજૂરી આપનાર સત્તાધિકારી (એ.કે.ટંડન) એ મંજૂરી અથવા મેળવવા માટે માત્ર પ્રથમ માહિતી અહેવાલ અને પોલીસ અધિક્ષક દ્વારા મોકલવામાં આવેલી કાર્યાલયની નોંધનો ઉલ્લેખ કર્યો હતો. વધુમાં, જે રીતે વિષય બહાલી આદેશ (આંક–૮૪) માં નોંધ્યું હતું તે મુજબ બહાલીના આદેશમાં ટા.ડા. ની કલમ ૩,૪ અથવા ૫ ઉમેરવાની પરવાનગી આપવામાં આવી હતી. એવું ઠરાવવામા આવેલું કે આવી નોંધ, તે બુધ્ધીના ઉપયોગ વિનાની, એક આકસ્મિક અભિગમ અને સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરીની જરૂર હોય તેવા કાયદાના આદેશની સંપૂર્ણ અવગણા જેવા દુષણો યુક્ત છે. કારણ કે, એફ.આઇ.આર.ની નોંધણીના તબક્કે ટા.ડા.ના વિભાગો ઉમેરવા માટે મંજૂરી આપવા અંગેના નોંધપાત્ર તફાવતને તે સ્પષ્ટ રીતે અવગણે છે અને, બીજી બાજુ, ટા.ડા.ની જોગવાઈઓ હેઠળ આરોપી સામે કાર્યવાહી કરવાની બહાલી અનુસાર નિયુક્ત અદાલતમાં આરોપપત્ર મૂકતા પહેલા તેમને દોષિત ઠેરવવામાં આવે છે. વિદ્વાન વકીલ રજૂ કરે છે કે આ જ તર્ક ૩/૯–૧–૧૯૯૩(આંક ૮૪) ના વિષયે બહાલીના હુકમ પર લાગુ થશે. ફ.પ.સા.–૧૪ અથવા ફ.પ.સા.–૧૫ ના પુરાવા અથવા તે બાબત માટે, અન્ય દસ્તાવેજી પુરાવા આંક ૮૨ અને આંક ૮૩, આંક–૮૪ની માન્યતાને યોગ્ય ઠેરવવા માટે કોઈ ઉપયોગી થશે નહીં. આરોપી નં.૩ સામે કાર્યવાહી કરવા માટે આપવામાં આવેલી બહાલીના સંદર્ભમાં, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૫ (આંક–૫૭), તે જ ભૂતપૂર્વ ચહેરા (સદરહુ વ્યકતીઓ) બુધ્ધીના અલ્પ ઉપયોગ/યોગ્ય વિચારણાના અભાવના દૂષણોથી પીડાય છે. કારણ કે, આરોપી નં. ૩ વિરુદ્ધ તપાસ દરમિયાન

એકત્ર કરવામાં આવેલા પુરાવામાં તેવું શ્રેષ્ઠ રીતે સૂચવ્યું કે તેની પાસેથી બે વૉકી–ટોકી મળી આવી હતી. મંજૂરી આપનાર સત્તામંડળે આ હકીકત ધ્યાનમાં લેવી જોઈતી હતી, જે કોઈ પણ ધોરણ દ્વારા ટા.ડા. હેઠળનો ગુનો ગણાશે નહીં. જેમ કે માત્ર આવી વૉકી–ટોકીઓનો કબજો રાખવો એ ટા.ડા. હેઠળનો ગુનો ગણાશે નહી. (ઉપરોક્ત) નામ આપવામાં આવેલી વ્યક્તિઓ/આરોપીઓ દ્વારા ટા.ડા. ના અર્થ હેઠળ કોઈ આતંકવાદી કૃત્ય કરવામાં આવ્યું છે કે કેમ તે હકીકત સંતોષતા પહેલા મંજૂરી આપનાર સત્તાધિકારી તપાસ દરમિયાન એકત્રિત કરેલી સામગ્રીનું મૂલ્યાંકન કરવામાં સ્પષ્ટ રીતે નિષ્ફળ રહી છે અથવા તે બાબત માટે આતંકવાદી ગેંગ અથવા પક્ષનો સભ્ય બનવું અથવા આતંકવાદી કૃત્યના કાવતરામાં સામેલ થવું અથવા તેને પ્રોત્સાહન આપવું અથવા તેમાં મદદ કરવી. હકીકતમાં, આરોપીઓ માટે વિદ્વાન વકીલ રજૂ કરે છે કે નિયુક્ત અદાલત દ્વારા નોંધાયેલા હકીકતના તારણ સાથે કોઈ દખલગીરીની બાંહેધરી આપવામાં આવતી નથી કે સક્ષમ સત્તાધિકારી (આંક–૮૪ અને આંક–૫૭) દ્વારા પસાર કરાયેલા બહાલીના આદેશો <u>યોગ્ય વિચારણાના અભાવના નુકસાનથી</u> પીડાય છે. આ રજૂઆતને સમર્થન આપવા માટે, આરોપીઓના વિદ્વાન વકીલે નીચેના કેસો પર આધાર રાખ્યો છે.

બિહાર રાજ્ય અને અન્ય –વિરુધ્ધ – પી. પી. શર્મા અને અન્ય

–{૧૯૯૨ સુપ્રી.(૧) એસ.સી.સી. ૨૨૨},

રામ નાથ ગઢવી – (ઉપરોક્ત),

મોહંમદ.ઇકબાલ એમ. શેખ અને અન્ય. –વિરુધ્ધ – મહારાષ્ટ્ર રાજ્ય,

– {(૧૯૯૮) ૪ એસ.સી.સી. ૪૯૪}

રાજ્ય (દિલ્હી–એન.સી.ટી.) –વિરુદ્ધ– નવજોત સંધુ –{(૨૦૦૫) ૧૧ એસ.સી.સી. ૬૦૦},

૯. અમે ગુજરાત રાજ્ય વતી હાજર રહેલા વિદ્વાન વકીલ શ્રીમતી પિંકી બેહરા અને આરોપીઓ વતી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એ.સિરાજુદ્દીનને સાંભળ્યા છે.

૧૦. પહેલા અમે ૩/૯–'૧૧–૧૯૯૩ (આંક–૮૪) ના બહાલી આદેશની માન્યતાના મુદ્દા સાથે વ્યવહાર કરવાનો /ને હાથ પર લેવાનો ઈરાદો ધરાવીએ છીએ. આ દસ્તાવેજ ૯મી ઓગસ્ટ, ૧૯૯૩ના રોજ ડી.એસ.પી.–પ્રમોદ કુમાર ઝા (ફ.પ.સા.–૧૫), દ્વારા મોકલવામાં આવેલા પત્રનું પરિણામ છે, કે જે ટા.ડા. ની કલમ ૨૦–એ(૨) હેઠળ મંજૂરી આપવા માટે પોલીસ મહાનિર્દેશકને મોકલવામા આવેલો.

આ પત્ર નીચે મુજબ છેઃ

" આંક –૮૨

જામનગરના જિલ્લા પોલીસ સુપરિનટેન્ડન્ટનું કાર્યાલય

"ક્રમાંક– આરબી/ડી/૧૨૧/૧૯૯૩/૧૮૧૦ **– તારીખ ૦૯/૦૮/૧૯૯૩**

પ્રતિ,
પોલીસ મહાનિર્દેશક અને પોલીસ વડા
ગુજરાત રાજ્ય, અમદાવાદ

વિષયઃ સલાયા પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. I ૨૧/૧૯૯૩ ના સંદર્ભે ટા.ડા.ની કલમ ૨૦એ(૧) હેઠળ મંજૂરી મેળવવા બાબતે.

આ સાથે ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આથી જણાવવામાં આવ્યું છે કે, સલાયા પોલીસ સ્ટેશન ગુના નં I–૨૪/૧૯૯૩ આઈ.પી.સી. ની કલમ ૪૨૪, ૪૨૪–એ, ૪૨૨, ૩૪, તથા આર્મ્સ એક્ટની કલમ ૨૪ (૧) (એ.ડી.) (૧–એએ), ૨૫ (૧–બી) એ,બી,સી,એફ, જી અને ૨૭ (૧) ૨૯ (એ), વાયરલેસ

ટેલિગ્રાફ એક્ટની કલમ ૬(૧)એ, ટેલિગ્રાફ એક્ટની કલમ–૨૦ અને ટા.ડા. ની કલમ ૩,૪ અને ૫ હેઠળ આ ગુનો સલાયા બાર્લોવાસ હાશ્મી મંઝિલ ખાતે ૧૮/૦૬/૧૯૯૩ ના રોજ ૧૦:૦૦ કલાકે કરવામાં આવે છે. ગુનાની વાત કરીએ તો, પી.એસ.આઈ. શ્રી બી.વી.જાની, એલ.સી.બી.–જામનગરએ ગેરકાયદેસર રીતે હથિયારો રાખવા બદલ સલાયા બાર્લોવાસ હાશ્મી મંઝિલના રહેવાસી આરોપી **અનવર ઉસ્માન વાઢેર મુસલમાન** સામે ૧૮/૦૬/૧૯૯૩ ના રોજ ૧૩:૩૦ કલાક પર ફરિયાદ નોંધાવી હતી. એફ.આઇ.આર. ની નકલ અહીં જોડવામાં આવેલ છે. સલાયાના રહેવાસી આરોપી અનવર ઉસ્માન વઢેરે ગેરકાયદેસર રીતે અને લાઇસન્સ વિના તેના કબજામાં નીચે મુજબના હથીયારો રાખ્યા હતા.

૧) વિદેશી કાર્બન સ્ટેન્ડ ગન મેગેઝિન – કિંમત રૂ. ૨ લાખ,

૨) વિદેશી બનાવટની રિવોલ્વર જેની ચેમ્બરમાં આઠ સિલિન્ડરો હતા – કિંમત રૂ. ૬૦ હજાર,

૩) એક વિદેશી બનાવટની રિવોલ્વર જે ચેમ્બરમાં છ સિલિન્ડરો ધરાવતી હતી – કિંમત રૂ. ૪૫ હજાર,

૪) વિદેશી બનાવટનો એક ટ્રાન્સમીટર વોકી ટોકી સેટ – કિંમત રૂ. ૧ લાખ,

૫) સ્ટેન્ડ ગનના જીવંત કારતુસ નંગ – ૫૨ – કિંમત રૂ. ૧૦૪૦/–

૬) રિવોલ્વરના જીવંત કારતુસ નંગ – ૪ કિંમત રૂ. ૮૦/–

અને તેથી, તા.૧૮/૦૬/૧૯૯૩ ના રોજ તેની ૧૯ વર્ષની ઉંમરે ધરપકડ કરવામાં આવી હતી. તેને માનનીય અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જેથી તા. ૦૧/૦૭/૧૯૯૩ સુધીની રિમાન્ડ મંજૂર કરવામાં આવી હતી અને રિમાન્ડ દરમિયાન, વધુ તપાસમા તેણે ખુલાસો કર્યો હતો કે હથિયારો નીચેના ઇસમો પાસેથી મેળવવામાં આવ્યા હતા.

૧) પોરબંદરના રહેવાસી **મામુમ્મિયા પંજુમિયા,**

૨) સલાયાના રહેવાસી **જુનુસ ઇબ્રાહિમ ગજવા વઢેર,**

૩) **આદમ જુસબ ભાયા વઢેર** મૃત્યુ પામ્યા ત્યારથી સલાયાના રહેવાસી છે.

નં ૧ અને ૨ ની તપાસ કર્યા પછી એવું જાણવા મળ્યું હતું કે તેઓ ભાગી ગયા હતા અને આમ આ વ્યક્તિઓની ધરપકડ કરવા માટે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપી **અનવર ઉસ્માન પટેલ**નો રિમાન્ડ સમયગાળો પૂરો થયા બાદ વધુ રિમાન્ડની માંગ કરવામાં આવી હતી, પરંતુ અદાલત દ્વારા તેને નકારી કાઢવામાં આવી હતી અને આમ આરોપીને અદાલતના જામા હેઠળ (કોર્ટ

કસ્ટડીમાં) મોકલી દેવામાં આવ્યો હતો. ઉપરોક્ત ગુના સંબંધે ટા.ડા. ની અરજીના હેતુ માટે, ગૃહ વિભાગની તરફથી પત્ર ક્રમાંક વી.આઇ.આર./ એ.ટી.કે./ ૧૯૯૩/ ૩૭૧૭ તારીખ ૦૬/૦૭/૧૯૯૩ દ્વારા બહાલી પ્રાપ્ત થાયેલ છે. તેથી તે રજૂ કરવામાં આવે છે કે ટા.ડા. ની કલમ ૨૦એ(૨) ની મંજૂરી માટે સંબંધિત આદેશ પસાર કરવામાં આવે.

સહી/– અવાચ્ય–(પી.કે.ઝા)
જિલ્લા પોલીસ અધિક્ષક – જામનગર "

૧૧. આ સંદેશાવ્યવહારના આધારે, એ.કે. ટંડન,–ડી.જી.પી. (ફ.પ.સા.–૧૪) સમક્ષ કાર્યાલય નોંધ (આંક–૮૩) વિચારણા માટે મૂકવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યાલય નોંધ (આંક ૮૩) આ રીતે વાંચે છે:

"આંક –૮૩ (કાર્યાલય નોંધ)

"સલાયા પોલીસ સ્ટેશન ગુના ક્રમાંક I – ૨૪/૧૯૯૩
કલમ ૨૫ (એ), ૨૫(૧) એએ બી એ,
કસ્ટમ્સ એક્ટ કલમ ૧૩૫ અને ટા.ડા. ની કલમ ૩,૪ અને ૫ હેઠળ.

આરોપી અનવર ઉસ્માન વઢેર મુસલમાનની માલિકીના અને ઉપયોગમાં લેવાતા ઘરમાંથી, કોઈપણ પરવાના વિનાના હથિયારો મળી આવેલા – જે નીચે મુજબ છે.

મેગઝિન – કાર્બન સ્ટેન્ડ ગનનું – વિદેશી – રૂ. ૨ લાખ,
રિવોલ્વર – આઠ સિલિન્ડરવાળી ચેમ્બર – વિદેશી બનાવટ– રૂ. ૬૦ હજાર,
એક રિવોલ્વર– છ સિલિન્ડર વાળી ચેમ્બર – વિદેશી બનાવટ– રૂ. ૪૫ હજાર,
એક ટ્રાન્સમીટર વોકી ટોકી સેટ –વિદેશી બનાવટ – રૂ. ૪ લાખ,
જીવીત કારતુસ નંગ ૫૨–સ્ટેન્ડ ગનના – રૂ. ૪,૦૪૦/–, અને
જીવંત કારતુસ નંગ ૪ – રિવોલ્વરના – રૂ. ૮૦/–

અને આરોપી પાસેથી તપાસ પર, તેમણે જણાવ્યું હતું કે, હથિયારો નીચે જણાવેલા વ્યક્તિઓ પાસેથી મેળવવામાં આવ્યા હતા ;

૧) મામુમ્મિયા પંજુમિયા – પોરબંદરના રહેવાસી,
૨) જુનુસ ઇબ્રાહિમ ગજવા વઢેર – સલાયા નિવાસી,
૩) આદમ જુસબ ભાયા વઢેર – સલાયાના રહેવાસી (મૃત્યુ પામ્યા સુધી).

ક્રમ નં. ૧ અને ૨ ની તપાસ કર્યા પછી., એવું જાણવા મળ્યું હતું કે તેઓ ભાગી ગયા હતા

અને આમ આ બે વ્યક્તિઓ માટે આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.

<u>સાદર સાથે મૂકવામાં આવે છેઃ</u>

પાનુ પી–૧૯/એન.એસ. પર માનનીય પોલીસ મહાનિરીક્ષક દ્વારા પસાર કરાયેલા આદેશને ધ્યાનમાં લેવાની વિનંતી છે.

૨. સલાયા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. I ૨૧/૧૯૯૩,
જામનગર સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ગુના નં ૧૫૧/૧૯૯૩,
પંચનોશી બી–ડિવિઝન પોલીસ સ્ટેશન ગુના નં. I ૫૭/૧૯૯૩ –અને–
ભરવાડ પોલીસ સ્ટેશન ગુના નં. I ૪૩/૧૯૯૩ માં,
એસ–૧ થી એસ–૮ દસ્તાવેજો સહી માટે રેકોર્ડ પર મૂકવામાં આવે છે,
જે પોલીસ મહાનિરીક્ષક દ્વારા પસાર કરાયેલા આદેશના સંદર્ભમાં છે.
મહેરબાની કરીને તેમા સહી કરી આપશોજી.
એસ૧ થી એસ૮ પર મૂકવામાં આવેલા ટા.ડા.મુજબની અરજી કરવા માટે પરવાનગી આપતા આદેશો કે જે કૃપા કરીને .....*અવાચ્ય* .....
સહી/– ૦૧/૧૧/૧૯૯૩ "

૧૨. ખરેખર, પી.કે.ઝા (ફ.પ.સા.–૧૫) એ તેમના પુરાવોમાં જણાવ્યું છે કે પત્ર (આંક–૮૨) મોકલ્યા પછી, ડી.જી.પી.– શ્રી એ.કે.ટંડન (ફ.પ.સા.–૧૪) એ તેમને કેસના દસ્તાવેજો સાથે ચર્ચા માટે બોલાવ્યા હતા. વધુમાં, શ્રી ટંડને વ્યક્તિગત રીતે તેમની સાથે આ કેસ અંગે ચર્ચા કરી હતી. તે વાતચીત દરમિયાન, પી.કે.ઝા એ ડી.જી.પી. ને તપાસની વિગતો અને અન્ય વિગતો વિશે જાણ કરી હતી કે ટા.ડા.ની જોગવાઈઓ લાગુ કરી અને તે મુજબનું આરોપપત્ર દાખલ કરવું શા માટે જરૂરી હતું. પ્રમોદ કુમાર ઝા– ડી.એસ.પી. (ફ.પ.સા.–૧૫) ની આરોપી નં. ૧ અને ૨ દ્વારા ઊલટ–તપાસ કરવામા આવી. જેમાં તેઓ તેમના નિવેદન પર અડગ રહ્યા હતા કે તેઓ પડધરી ખાતે ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ફ.પ.સા.–૧૪)૧૮ પાસે

ગયા હતા અને અમદાવાદ પણ ગયા હતા પરંતુ ઉપરોક્ત બેઠકોની તારીખો અને સમય આપી શક્યા ન હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે તેમના રેકોર્ડમાં અને તેમની વ્યક્તિગત ડાયરીમાં બેઠક વિશે નોંધો કરી હતી જેને ઇ–સ્ટેટમેન્ટ કહેવામાં આવે છે. જો કે, હકીકત એ છે કે કથિત મંજૂરી આદેશ તારીખ ૩/૯–૧૧–૧૯૯૩ (આંક–૮૪) માત્ર એફ.આઇ.આર. ની નોંધ લેવાનો અને ડી.એસ.પી., જામનગર પાસેથી પ્રસ્તાવ પ્રાપ્ત થયાનો સંદર્ભ આપે છે. આપણે ધારી શકીએ કે બે અધિકારીઓ–પ્રમોદ કુમાર ઝા (ફ.પ.સા.–૧૫) અને એ.કે.ટંડન–ડી.જી.પી. (ફ.પ.સા.–૧૪)એ તારીખ ૩/૯–૧૧–૧૯૯૩ (આંક–૮૪)નો કથિત મંજૂરી આદેશ પસાર કરતા પહેલા તપાસની પ્રકૃતિ અંગે વાતચીત કરી હતી. તેમ છતાં એ.કે.ટંડન, ડી.જી.પી.(ફ.પ.સા.–૧૪) એ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે ટા.ડા. ની કલમ ૨૦–એ(૨) હેઠળ કથિત બહાલી આદેશ પસાર કરતા પહેલા તેમના મગજનો સંપૂર્ણ ઉપયોગ કર્યો હતો, જો કે, તે આદેશ એ.કે.ટંડન – ડી.જી.પી. (ફ.પ.સા.–૧૪)ના આકસ્મિક અભિગમને સૂચવે છે. જે આ રીતે વાંચાય છેઃ

"જોડાણ– પી/૫ માર્ક ૮૦/૫, – આંક ૮૪.

નં. જે. ૧/૧૯૦૯/૧/સલાયા/૨૧૯૩/૪૩૨૭.

ડી.જી.પી. અને મુખ્ય પોલીસ અધિકારી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ **તા.** ૩–૯/૧૧–૧૯૯૩.

સંદર્ભઃ–

૧. સલાયા પોલીસ સ્ટેશન. ગુના રજી. નં. ૨૧/૧૯૯૩ મુજબ
આઇ.પી. સી – કલમ ૧૨૨ ; – તથા –
શસ્ત્ર અધિનિયમ ની કલમ – ૨૫ (૧)(એ), ૨૫(૧એએ),
૨૫ (એબી, એએફ), ૨૫ (૧) (બી) (એ)(એફ) ; – તથા –
વાયરલેસ ટેલિગ્રાફ એક્ટ ની કલમ ૬(૧) એ; – તથા –
ટેલિગ્રાફ અધિનિયમની કલમ ૨૦; – તથા –
કસ્ટમ્સ એક્ટની કલમ ૧૩૫; – અને –
ટા.ડા. એક્ટની કલમ ૩,૪,૫ હેઠળની એફ.અાઇ.આર..

---

૨ દરખાસ્ત નં. ડી.એસ.પી., જામનગર, આરબી–ડી–૧૨૧– કે જે ડી.એસ.પી., જામનગર દ્વારા ૧૯૯૩/૧૮૧૦ તા. ૦૯–૦૮–૧૯૯૩ માં સાબિત થયેલ છે. સાક્ષીની જુબાની નં. ૧૪ – માર્ક ૮૦/૫ ને સ્પે. કેસ નં. ૩/૧૯૯૪ મા આંક – ૮૪ આપવામા આવે છે.

સહી/– પદનામીત ન્યાયાધીશ,
૦૪–૦૭–૨૦૦૬.
જામનગર.

કાળજીપૂર્વક વાંચ્યા પછી અને ટા.ડા.ની કલમો લગાવવા બાબતે અરજી કરવાની મંજૂરી માટેની દરખાસ્ત પર વિચાર કર્યા પછી ડી.એસ.પી.–જામનગર દ્વારા પત્ર નં.આરબીડી/૧૨૧/૧૯૯૩/૧૮૧૦ તા.૦૯–૦૮–૧૯૯૩ થી અને જામનગર જિલ્લા ના સલાયા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૨૧/૧૯૯૩ ની એફ.અ◌ાઇ.આર. કે જે ભારતીય દંડ સંહીતાની કલમ ૧૨૨ અને શસ્ત્ર અધિનીયમની કલમ ૨૫(૧)(એ) અને ટા.ડા. અધિનીયમની કલમ ૩,૪,૫. હેઠળ નોંધાયેલી છે, હું એ.કે.ટંડન–ડી.જી.પી. અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, અમદાવાદ આ સાથે ટા.ડા.અધિનિયમ ૩,૪,૫ ના સુધારા મુજબ ટા.ડા. અધિનિયમ, ૧૯૮૭ (સુધારેલ૧૯૯૩) ની સુધારેલી જોગવાઈઓ હેઠળની કલમ ૨૦(૧)(૨) મુજબ અરજી કરવા માટે આથી મંજૂરી/બહાલી આપું છું.

સહી/– એ. કે. ટંડન
ડી.જી.પી. અને મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

પ્રતી,
ડી.એસ.પી. , જામનગર–જિલ્લો જામનગર

નકલ રવાના: મુખ્ય વિશેષ પોલીસ અધિકારી/નાયબ મુખ્ય પોલીસ અધિકારી, રાજકોટ વિભાગ, રાજકોટ,

અધિક ડી.જી.પી.શ્રી, સી.આઈ.ડી.–ક્રાઇમ એન્ડ રેન્જ ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સહિ/– પ્રમોદ કુમાર
સહાયક મુખ્ય પોલીસ અધિકારી, ક્રાઇમ.

ખરી નકલ માટેનો શેરો
નકલ માટે કરેલી અરજી – નાયબ એસ.પી. ખંભાલિયા દ્વારા, તા. ૧૩–૦૪–૨૦૦૭
નકલ તૈયાર થયા તા. ૨૩–૪–૦૭ અને નકલ આપ્યા તા. ૨૫–૦૫–૨૦૦૭.

સહી/– રજિસ્ટ્રાર

સાચી નકલ.
સહી/– રજિસ્ટ્રાર.
જીલ્લા અને સત્ર ન્યાયાલય, જામનગર

મારા દ્વારા ગુજરાતીમાંથી અંગ્રેજી સંસ્કરણમાં અનુવાદિત ."

૧૩. આ દસ્તાવેજના વાજબી વાંચન પર તે સ્પષ્ટ છે કે દસ્તાવેજના લેખક એ.કે.ટંડન,ડી.જી.પી.(ફ.પ.સા.–૧૪) એ ફક્ત એફ.આઇ.આર. અને ડી.એસ.પી., જામનગર પાસેથી પ્રસ્તાવ પ્રાપ્ત થયો તેના પર જ <u>રજુઆત/ઉચ્ચારણ</u> કરવામાં આવે છે. ફ.પ.સા.–૧૪ની સમજ એવી હતી કે ડી.એસ.પી.,જામનગર (ફ.પ.સા.–૧૫) પાસેથી પ્રાપ્ત દરખાસ્ત ટા.ડા.ની જોગવાઈઓ લાગુ કરવા માટે મંજૂરી આપવા માટે હતી અને આ દરખાસ્ત સ્વીકારવામાં આવી હતી. આરોપીઓએ ગઢવીના કેસમાં (ઉપરોક્ત) તેના <u>કથન/મત</u> પર સાચો આધાર રાખ્યો છે, કેટલાક અન્ય ટા.ડા. ના સંદર્ભમાં કેસ વિચારણા માટે આવ્યો હતો જ્યાં એ જ અધિકારી એ.કે.ટંડન –ડી.જી.પી.(ફ.પ.સા.–૧૪) દ્વારા પસાર કરાયેલ ટા.ડા. ની કલમ ૨૦–એ(૨) હેઠળ સમાન કથિત બહાલી આપવામાં આવી છે. આ અદાલત દ્વારા ધ્યાનમાં લેવાયેલા મંજૂરીની બહાલીના શબ્દો વિચારણા હેઠળના શબ્દો જેવા જ છે. અહેવાલિત ચુકાદાના ફકરા ૯ માં, ઉપરોક્ત મંજૂરીનો આદેશ પુનઃરજુ કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ વાંચાય છેઃ

> "૯. આ કેસમાં ફરિયાદી પક્ષ આંક–૬૩ પર આધાર રાખે છે. પોલીસ મહાનિર્દેશક, અમદાવાદ દ્વારા ટા.ડા.ની કલમ ૨૦–એ(૨) હેઠળ બહાલી તરીકે ૦૩–૦૯–૧૯૯૩ પર જારી કરાયેલ આદેશ.
>
> **આંક– ૬૩** નીચે મુજબ રજૂ કરેલ છે.

<u>" અનુક્રમ નં. જે–૧/૧૯૦૯/૧/ખંભાળીયા ૫૫/૯૩ –</u>

<u>તારીખ ૦૩–૦૯–૧૯૯૩</u>

પોલીસ મહાનિર્દેશક, – ગુજરાત રાજ્ય, અમદાવાદ.

ધ્યાને લીધું :

(૧) ગુનાના સંદર્ભમાં ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ નં. ૫૫/૧૯૯૩ આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)(બી)(એ)(બી) અને ટા.ડા. ની કલમ ૩,૪ અને ૫. હેઠળની એફ.આઇ.આર..

(૨) ડી.એસ.પી. –જામનગર દ્વારા મોકલવામાં આવેલી અરજીના પત્ર નં. આરબી/ડી/૧૨૨/૧૯૯૩/૧૮૨૦ તારીખ ૦૯–૦૮–૧૯૯૩.

એફ.આઇ.આર. ને ધ્યાનમાં લીધા પછી. ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુનાના નં. ૫૫/૧૯૯૩ ના સંદર્ભમાં શસ્ત્ર અધિનીયમની કલમ ૨૫(૪)–(બી)(એ)(બી) અને ટા.ડા. ની કલમ ૩,૪ અને ૫ હેઠળ અને ડી.એસ.પી. ના પત્ર નં. આરબી/ડી/૪૨૨/૪૯૯૩/૪૮૨૦ તારીખ ૦૯–૦૮–૧૯૯૩ જેમાં ટા.ડા. ની જોગવાઈઓ કાળજીપૂર્વક રીતે લાગુ કરવાની પરવાનગી માંગી છે. આથી હું, એ. કે. ટંડન, પોલીસ મહાનિર્દેશક, ગુજરાત રાજ્ય, અમદાવાદ ટા.ડા. ની સુધારેલી જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલી સત્તાઓ હેઠળ ટા.ડા.(૧૯૯૩) કલમ ૨૦–એ (૨) મુજબ ટા.ડા.ની કલમ ૩,૪ અને ૫ ઉમેરવાની પરવાનગી આપુ છું.

એ. કે. ટંડન – ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ અમદાવાદ ગુજરાત ".

ફકરા ૧૦ માં ઉપરોક્ત મંજૂરીનું વિશ્લેષણ કરતી વખતે,

આ અદાલતે નીચે પ્રમાણેનું અવલોકન કર્યું:

"૧૦. દેખીતી રીતે આંક–૬૩ માત્ર બે દસ્તાવેજોનો સંદર્ભ આપે છે જે ફક્ત પોલીસ મહાનિર્દેશક માટે મંજૂરી આપવી જોઈએ કે નહીં તે અંગે વિચારણા કરવા માટે ઉપલબ્ધ હતા. આ કિસ્સામાં એક એફ.આઇ.આર. છે અને બીજું અધીક્ષક દ્વારા પરવાનગી અથવા બહાલી મેળવવા માટે મોકલવામાં આવેલ પત્ર છે. તેમાં કોઈ શંકા નથી કે પોલીસ મહાનિર્દેશકને લખેલા તે પત્રમાં પોલીસ અધિક્ષકે કેસની હકીકતો વર્ણવી હતી. પરંતુ આપણે જોઈ શકીએ છીએ કે તેણે અરજી સાથે તપાસ સંબંધિત અન્ય કોઈ દસ્તાવેજ અથવા તેની નકલ મોકલી નથી. આ બાબતે પોલીસ મહાનિર્દેશકે પણ તેમના અવલોકન માટે કોઈ દસ્તાવેજ માંગ્યો ન

હતો. ડી.જી.પી. સમક્ષ કાર્યવાહી માટે મંજૂરી આપવાના પ્રશ્ન પર વિચાર કરવા માટે જે કાંઇ પણ હતું તે એફ.આઇ.આર. ની નકલ અને કેટલીક મુળભૂત હકીકતો ધરાવતી અરજીઓ હતી. પોલીસ મહાનિર્દેશકે પોલીસ અધિક્ષકને તેમની સાથે ચર્ચા કરવા માટે બોલાવ્યા હોવાનું દર્શાવવા માટે રેકોર્ડ પર કંઈ નથી."

અને ફરીથી ચુકાદાના ફકરા ૧૪ અને ૧૫ માં, આ અદાલતે નીચે મુજબ અવલોકન કર્યું:

"૧૪. આપણે ઉપર જે નોંધ્યું છે તે ઉપરાંત, ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક દ્વારા આ કેસમાં બુધ્ધિનો યોગ્ય ઉપયોગ ન કરવો એ પણ એક મોટી બાબત છે. આંક–63 (સુપ્રા) અવલોકન દર્શાવે છે કે હકીકતમાં, પોલીસ મહાનિર્દેશકે અપીલકર્તાઓ સામે કાર્યવાહી માટે કોઈ મંજૂરી આપી ન હતી. આદેશનો છેલ્લો ભાગ નીચે મુજબ વંચાય છેઃ 'હું એ.કે. ટંડન, ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક, અમદાવાદ, ટાડા અધિનિયમ (૧૯૯૩) ની કલમ ૨૦–એ (૨) ની સુધારેલી જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલી સત્તાઓ અન્વયે ટાડા અધિનિયમની કલમ ૩, ૪ અને ૫ ઉમેરવાની મંજૂરી આપુ છું.' આમ, પોલીસ મહાનિર્દેશકે જે કર્યું તે ટાડા અધિનિયમની કલમ ૩, ૪ અને ૫ ઉમેરવાની મંજૂરી આપવાનું હતું' અને અપીલકર્તાઓ સામે કાર્યવાહી કરવા માટે કોઈ મંજૂરી ન હતી. અહીં એ નોંધવું યોગ્ય છે કે ટાડા અધિનિયમની કલમ ૩, ૪ અને ૫ ઉમેરવાની મંજૂરી ગૃહ સચિવ, સક્ષમ અધિકારી દ્વારા ખૂબ પહેલા આપવામાં આવી હતી અને ડીએસપી દ્વારા પોલીસ મહાનિર્દેશક પાસેથી આવી કોઈ પરવાનગી માંગવામાં આવી ન હતી. આ રીતે, નિયુક્ત કરવામાં આવેલ અદાલત તેવી નોંધ લેવામાં નિષ્ફળ રહી કે આંક–૬૩ એ મંજૂરીનો આદેશ ન હતો, પરંતુ ટાડા અધિનિયમની કલમ ૩, ૪ અને ૫ ઉમેરવા માટે પોલીસ મહાનિર્દેશકની બિનજરૂરી પરવાનગી હતી. પોલીસ મહાનિર્દેશકે, દેખીતી રીતે, ખૂબ જ અનૌપચારિક રીતે કામ કર્યું હતું અને કલમ ૨૦–એ(૨) હેઠળ કાર્યવાહી માટે મંજૂરી આપવા (અથવા મંજૂરી ન આપવા) માટે તેમની વૈધાનિક

જવાબદારીઓ નિભાવવાને બદલે, તેમના ૯.૮.૧૯૯૩ના રોજના પત્રમાં તેઓ ડીએસપી દ્વારા કરવામાં આવેલી વિનંતી પર આગળની કાર્યવાહી કરવા માટે એવી રીતે આગળ વધ્યા જાણે કે તે પત્ર ટાડાની જોગવાઈઓ લાગુ કરવાની પરવાનગી માંગતો પત્ર હોય. આ કવાયત દર્શાવે છે કે પોલીસ મહાનિર્દેશકે તારીખ ૯.૮.૧૯૯૩ ના રોજના ડી.એસ.પી. ના પત્રને તથા એફ.આઈ.આર.ને "કાળજીપૂર્વક" વાંચીને પણ ધ્યાનમાં લીધા નહોતા. અમે પોલીસ મહાનિર્દેશકના આવા બિનમહત્વપૂર્ણ અભિગમ પર અમારી ગંભીર ચિંતા વ્યક્ત કરવા સિવાય કાંઇ પણ કરી શકીએ નહિ. આથી, આંક–૬૩ના સીધા વાંચન દ્વારા આપણે એવું માનવું જ જોઈએ કે તે કાયદાની કલમ ૨૦–એ(૨) હેઠળ અપીલકર્તાઓ સામે કાર્યવાહી કરવાની મંજૂરીનો આદેશ નથી.

